જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૧૮૦/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૯૬ | ૪ | ૧૧૦૦૦ | ૧૭૧૩૬ | ૪ | ૧૭૧૪૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૬૭ | 3 | ૪૬૭૦ | ૬૧૯૦ | 3 | ૬૧૯૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૫૪ | ૨ | ૨૫૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૧૧૬૯ | ૩૬૦ | ૨૧૫૨૯ | ૨૨૩૬૯ | ૩૫૨ | ૨૨૭૨૧ |
| | કુલ | ૩૬૮૯૪ | ૩૬૭ | ૩૭૨૬૧ | ૪૫૯૪૯ | ૩૬૧ | ૪૬૩૧૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૬ | ૧૫,૯૭,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૧૨૪ | ૪૧,૨૪,000/- |

# ગુમ થયેલ બાળકોને તેમના માતા-પિતા સાથે મિલાપ કરાવવા બાબત

## સાબરમતી પોલીસ સ્ટેશન

### બે સગીર બાળકોના વાલીને શોધી કાઢી પરત સોંપતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી ગુમ થયેલા બાળકોને શોધી કાઢવા માટેની કામગીરી અસરકારક રીતે અને સંવેદનશીલતા સાથે કરવા માટે સુચના આપવામાં આવેલ જે આધારે સાબરમતી પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી દ્વારા પો.સ્ટે.ના તમામ સ્ટાફને આવા બનાવોમાં તુરંત પ્રતિક્રિયા આપી કામ કરવા જણાવેલ હોય અને તા.૧૫/૧૨/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે સગીર બાળકો ઉ.વ.૧૦ તથા ઉ.વ.૦૮ નાઓ ભુખ્યા હોય અને ખાવાનું માંગતા સ્થાનીક માણસોને મળી આવતા તેઓએ સાબરમતી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા પોલીસ સ્ટાફ દ્વારા બંને બાળકોને પુછપરછ કરતા બાળકોએ પોતાના નામ જણાવેલ અને એકની ઉ.વ.૧૦ તથા બીજાની ઉ.વ.૦૮ હોવાનું જણાવેલ પરંતુ કોઇ ચોક્કસ સરનામુ જણાવેલ નહિ અને તેઓ વરાછા વિસ્તારમાં આવેલ તળાવ ઉપર બસ સ્ટેન્ડ સામે ખુલ્લી જગ્યામાં સુરત ખાતે રહેતા હોવાનુ જણાવતા બંને બાળકોના ફોટા સાથે સુરત શહેર પોલીસનો સંપર્ક કરતા સુરત શહેરના અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બંને બાળકોના માતા કંચનબેન તથા પિતા ઇશ્વરભાઇ ડાહ્યાભાઇ જાતે. પાટણવાડીયા(ઠાકોર) ઉ.વ.૫૬ ધંધો. છુટક મજુરી રહે. સવજી કોરાટ બ્રીજના, બાજુમા તાપી કિનારે ખુલ્લા પ્લોટમા, મોટા વરાછા સુરત શહેર હોવાનું જાણવા મળેલ અને તેઓના મજુરી અર્થે ગયેલ ત્યારે બાળકો રમતા-રમતા ક્યાંક જતા રહેલ હોવાનું જણાવેલ જેથી સુરત પોલીસ દ્વારા બાળકોના મા-બાપને સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે લઇ આવતા જરૂરી ખાતરી કરી બંને બાળકોને તેઓના વાલીને સોંપવામાં આવેલ છે.

આમ અમદાવાદ શહેર પોલીસ અને સુરત શહેર પોલીસે સંવેદનશીલ અભિગમ દાખવી યોગ્ય સંકલન જાળવી ગણતરીના સમયમાં બે સગીર બાળકોના વાલીને શોધી કાઢી બાળકો તેમને સોંપી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૭/૧૨/૨૦

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ**

(૧) ASI બળવંતભાઇ પોપટભાઇ બ.નં.૭૭૧૪ (૨) PC કનૈયાલાલ સંતબક્ષ બ.નં.૯૫૬૪ (૩) PC વિજયસિંહ બળવંતસિંહ બ.નં.૬૧૩૧ (૪) LR રજતકુમાર ભરતભાઇ બ.નં.૧૨૭૯૯ (૫) WLR કુ.અસ્મીતાબેન નવઘણભાઇ બ.નં.૧૦૭૧૨ (૬) HC જીતેન્દ્રકુમાર પરષોતમદાસ (૭) WLR તારાબેન ડાહ્યાભાઇ બ.નં.૧૦૮૦૭ (૮) LR સાજનકુમાર અશોકજી બ.નં.૧૧૪૧૮

**"SHE" ટીમ**

(૧) WPC કોમલબેન રાજેશભાઇ બ.નં.૯૭૬૨ (૨) WLR જાનવીબેન બાબુભાઇ બ.નં.૧૧૨૧૭ (૩) WLR કવિતાબેન રમેશભાઇ બ.નં.૧૦૯૮૫ (૪) WLR ભારતીબેન રાહુલભાઇ બ.નં.૧૦૭૭૮ (૫) LR અમિતકુમાર દિનેશચંદ્ર બ.નં.૧૨૬૩

# પાસા અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## શરીર સંબંધી ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી આશિફખાન ઉર્ફે ગાંડી ફરીદખાન પઠાણ ઉ.વ ૨૯ રહે,સોનીનુ ખેતર ગેટ નં-૨ ગલી નં-૭ પેટ્રોલપંપની સામે મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેરનુ  પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/ ૧૩૨૨/૨૦૨૦ તા.૧૬/૧૨/૨૦૨૦ થી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૧૭/૧૨/૨૦૨૦



## સાબરમતી પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની સુચના આધારે સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે આ પ્રકારનો ગુનો આચરનાર નામે નિરજ પ્રવિણભાઈ રામી ઉ.વ.૨૯ રહે મ.નં.એ/૪૦૮ સંકલ્પ એવન્યુ વસંતવિહાર સોસાયટીની પાછળ નવા નરોડા અમદાવાદ શહેર મુળ ગામ-માળીવાસ જુની સીનેમાં પાસે પ્રાંતિજ તા.પ્રાતિજ જી સાબરકાંઠા નાઓની વિરૂદ્ધ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૭/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ તથા સાબરમતી પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૯૨૦૧૨૨૦ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૦૮, ૪૧૮ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૨૯/૨૦૨૦ તા.૧૭/૧૨/૨૦૨૦ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેઇન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) PSI બી.પી.ભેટારીયા (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૩) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) HC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯ (૫) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૬) LR શક્તિસિંહ જગદીશસિંહ બ.નં.૦૪૪૩ (૭) LR ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ (૮) PC હિતેષકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯ (૯) LR અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ (૧૦) LRD કમલેશભાઇ સાગરભાઇ બ.નં.૮૦૫૫



## આનંદનગર પોલીસ સ્ટેશન

## આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના ઇસમની પાસા હેઠળ અટકાયત કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ તરફથી દારૂ-જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સદર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધ જરૂરી અટકાયતી પગલા લેવા સારૂ સુચના કરેલ હોય જે સુચના આધારે એસ.જે.બલોચ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર આનંદનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અગાઉ પ્રોહીબીશનના કેશમાં પકડાયેલ આરોપી ગોપાલભાઇ સવજીભાઇ કમાભાઇ જાતે- ચુનારા ઉ.વ-૪૮ રહે- મકાન ન-૨૬/૬૪૫ ગોપાલ આવાસા ઔડાના મકાનમાં જોધપુર આનંદનગર અમદાવાદ શહેર નાઓને પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના અટકાયતી હુકમ ક્રમાક પીસીબી/ ડીટીએન/પાસા/૧૩૩૪/૨૦૨૦ તા-૧૭/૧૨/૨૦૨૦ આધારે સદરી પાસા અટકાયતીને તા.૧૭/૧૨/૨૦૨૦ કલાક ૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી મધસ્થ જેલ લાજપુર સુરત ખાતે પાસા હેઠળ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

### પાસા અટકાયતી નામ

ગોપાલભાઇ સવજીભાઇ કમાભાઇ જાતે ચુનારા ઉ.વ-૪૮ રહે- મકાન ન-૨૬/૬૪૫ ગોપાલ આવાસા ઔડાના મકાનમાં જોધપુર આનંદનગર અમદાવાદ શહેર

### કામગીરી કરનાર -અધીકારી/કર્મચારી-

(૧)પો.સબ.ઇન્સ કે.બી.મીર
(૨)અ.હે.કોન્સ શૈલેષભાઇ મોહનભાઇ
(3 )અ.હે.કોન્સ વિજયદાન મોજદાન
(૪)અ.પો.કો ગભરૂભાઇ ધાનાભાઈ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ અને ૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૬૬૧/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૩/૨૦૨૦**

**સાબરમતીઃ** તુલસીરામ ગ્યાપ્રસાદ પાસી (ઉ.વ.૪૫) (રહે. શક્તિ-૧૪૦ થલતેજ) એ તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૯/૨૦૨૦ થી તા.૨૬/૧૧/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જીગરભાઇ વિજય તુલી (૨) સપના જીગરભાઇ તુલી (૩) વિણાબહેન વિજય તુલી (ત્રણેય રહે. સી-૨/૩૦૧ આશ્રય-૯ ખોડીયાર માતાના મંદીર પાસે ન્યુ રાણીપ સાબરમતી) તથા ન્યુ રાણીપ કોર્પોરેશન બેંક (યુનીયન બેંક) મેનેજર (૪) પુજાબહેન રમેશભાઇ શાહએ ભેગા મળી સાબરમતી ન્યુ રાણીપ કોર્પોરેશન બેંક (યુનીયન બેંક)માં ઓળખાણ હોવાનુ જણાવી તે જ બેન્કમાં ખાતુ ખોલાવી તુલસીરામ પાસીના જમીનના વેચાણ પેટેના અલગ-અલગ રકમના ચેક બેન્કમાં ભરાવડાવ્યા હતા. ત્યારબાદ તુલસીરામ પાસીના ખાતામાંથી અન્ય ખાતાઓમાં કુલ રૂપિયા ૧,૪૦,૦૩,૮૯૧/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**રાણીપઃ** ચેતનાબહેન ડો/ઓ નાનજીભાઇ સોલંકી (ઉ.વ.૩૬) (રહે. ચિરાગ એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ જેલ ભવન સામે આર.ટી.ઓ.સુભાષબ્રીજ) એ તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૦ થી તા.૧૫/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૪૪૭૪૦૫૨૯૪૬૧૬ ના ધારકે અતુલ શર્મા નામની વ્યક્તિએ તેની મેટ્રોમોનીયલ સાઈડ પર ખોટી પ્રોફાઈલ મુકી ચેતનાબહેનને લગ્ન કરવાની લાલચ આપી વાતચીત કરી વિશ્વાસમા લઈ તેમજ ગીફ્ટ આપવાની લાલચ આપી હતી. અને મોબાઈલ નંબર ૮૮૬૦૪૯૧૪૦૩ ના ધારક સોનીયા શર્મા નામની વ્યક્તિએ ગીફ્ટ છોડાવવાના બહાના હેઠળ પોતાની ખોટી ઓળખ આપી કરંસી ચેન્જ કરવાના અને ટેક્ષના ચાર્જ પેટે ચેતનાબહેનને રૂપિયા ૬૫,૦૦૦/- ભરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.ખાંભલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૪/૨૦૨૦**

**રાણીપઃ** મયુરભાઇ દેવરાજભાઇ કુસ્વાહા (રહે. આશ્કા એલીગન્સ વંદેમાતરમ રોડ ગોતા) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૦ રાતના ૮/૪૫ થી તા.૧૭/૧૨/૨૦૨૦ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સુભાષબ્રીજ આશ્રમ રોડ ધનશ્યામનગર સોસાયટીની બાજુમાં લલીત પાન સેન્ટર નામની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

**ઓઢવઃ** ક્રિષ્નાચંદ તારાચંદ મારુ (રહે. નેહલપાર્ક સોસાયટી ઈન્દીરાપાર્ક સામે આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬,૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

**બેગ ખેચી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૫/૨૦૨૦**

**એલીસબ્રીજઃ** લીનાબહેન વા/ઓ દર્શનભાઇ સંઘવી (ઉ.વ.૪૬) (રહે. યુકો બેન્ક સોસાયટી ગુલબાઇ ટેકરા ગુજરાત યુનિવર્સીટી) તા.૧૬/૧૨/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પાંજરાપોળ પોલીટેકનીકના ઢાળ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ તેમનુ મોટર સાયકલ લીનાબહેનના એક્ટીવા નજીક લાવી લીનાબહેના એક્ટીવાના આગળના ભાગે રાખેલ બેગ ખેચી લઇ નાસી ગયા હતા. જે બેગમાં લેપટોપ, ચાર્જર, મોબાઇલ ફોન, ચાંદીની લગડી, ગળામાં પહેરવાની ચાંદીની પેડલવાળી માળા તેમજ અન્ય પરચુરણ ચીજવસ્તુઓ અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨૮,૫૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ લીનાબહેન સંઘવીએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૬/૨૦૨૦**

**"એમ" ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ** સિંધુભવન રોડ ક્રેસન્ટ પાર્ટી પ્લોટ સામે ખુલ્લા પ્લોટ્માં છાપરાંમાં રહેતા કિરણભાઈ ભગાભાઈ વાસફોડીયા (ઉ.વ.૨૬) તા.૧૭/૧૨/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાની પત્ની સોનલબહેન તથા બે બાળક હાર્દિક (ઉ.વ.૩) અને યુવરાજ (ઉ.વ.૨) ને પેડલ રિક્ષામાં બેસાડી સિંધુભવન રોડ ઓરનેટ પાર્ક સોસાયટી ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર નંબર જીજે ૦૧ એચડબલ્યુ ૯૫૦૧ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા બન્ને બાળકોને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન બન્ને બાળકોનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ કિરણભાઈ વાસફોડીયાએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૭/૨૦૨૦**

**વેજલપુરઃ** અરસુદ્દીન અબ્દુલરહેમાન શેખ (ઉ.વ.૫૨) (રહે. સારણી કામદાર સોસાયટી એપીએમસી માર્કેટ પાછળ જુહાપુરા) લકવાગ્રસ્ત અપંગ હોઈ અને પત્ની છેલ્લા ચાર વર્ષથી રીસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૭/૧૨/૨૦૨૦ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**નરોડાઃ** જાગૃતિબહેન ડો/ઓ નટવરભાઇ પરમાર (ઉ.વ.૨૬) (રહે. શહેરકોટડા અનીલ સ્ટાર્ચ મીલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૦ કલાક ૨/૨૫ વાગ્યાના સુમારે પોતાના પિયરમાં નરોડા તક્ષશિલા ફ્લેટ ખાતે પિતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ કલ્યાણસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી